**<u>ખાનગી / અગત્યનું</u>**

ક્રમાંક: માધ્ય/મા-૨/લઘુમતિફરયદ/૨૦૧૮/ ૨૦૦૭૬-૧૨૬
કમિશનર શાળાઓની કચેરી
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ~~૧૮~~/૦૯/૨૦૧૮
૨૦

**પ્રતિ,**

- **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
  **તમામ જિલ્લા.**
- **નાયબ નિયામકશ્રી,**
  **તમામ શાખા, સદર કચેરી.**

**વિષય :- ઉર્દૂ એજ્યુકેશન બોર્ડ દ્વારા આપવામાં આવેલ SSC પ્રમાણપત્રો અને થયેલ SSC લેવલની પરીક્ષાઓને Fake/રદ્દપાત્ર ગણવા બાબત.**

**સંદર્ભ :** - શિક્ષણ વિભાગના પત્ર-ક્રમાંક:લઘમ/૧૨૨૦૧૮/ભા.સ.-૦૪/ગ-૨, તા.૦૭/૦૯/૨૦૧૮

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના **માનવ સંસાધન વિકાસ મંત્રાલય હસ્તકના સ્કૂલ ઓફ એજ્યુકેશન એન્ડ લીટરસી વિભાગના તા.૦૫/૦૬/૨૦૧૭ ના પત્ર-ક્રમાંક : ૧૬-૨૨૭/૨૦૧૬ એસ.સી.એચ-૦૩** દ્વારા તથા NCMEI (National Commission for Minority Educational Institutions) ની જાહેર નોટીસ અન્વયે ઉર્દૂ એજ્યુકેશન બોર્ડ દ્વારા જુદી જુદી શાળાઓમાં પરીક્ષાઓ લઈને સેકન્ડરી સ્કૂલ સર્ટીફીકેટ (SSC પ્રમાણપત્ર) ઈસ્યુ કરતા હોવાનું NCMEI ને ધ્યાને આવેલ છે. આથી NCMEI દ્વારા **ઉર્દૂ એજ્યુકેશન બોર્ડને લઘુમતી શિક્ષણ બોર્ડ તરીકે ના ગણતાં એક લઘુમતી સંસ્થા તરીકે ગણેલ હોઈ**, આથી આવી કોઈ સંસ્થા દ્વારા Secondary ane Senior Secondary levels ની પરીક્ષાઓ લેવામાં આવી હોય કે આ **પરીક્ષા સંબંધી સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવેલ હોય તો તેને નકલી (Fake) પ્રમાણપત્ર ગણી રદપાત્ર** ગણી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

**આપની વિશ્વાસુ,**

**મદદનીશ નિયામક**
**માધ્યમિક**
**ગાંધીનગર.**

<u>બિડાણો</u> : **1.** NCMEI ની જાહેર નોટીસની નકલ
**2.** Ministry of HRD નો તા.૦૫/૦૬/૨૦૧૭ ના પત્રની નકલ

<u>નકલ રવાના અગ્ર તથા અમલ સારુ</u>

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી/ગ્રાંટેડ/નોન-ગ્રાંટેડ,
મા. અને ઉ.મા. શાળાઓ તમામ
બનાસકાંઠા જિલ્લો.

ક્રમાંક/માધ્ય-૬/૨૦૧૮/ [illegible]
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૪-૧૦-૨૦૧૮

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

(1)

ખાનગી / સમયમર્યાદા

ક્રમાંક: લઘમ/૧૨૨૦૧૮/ભા.સ.-૦૪/ગ-૨
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: - 7 SEP 2018

પ્રતિ,

- નિયામકશ્રી (શાળાઓ),
  શાળાઓની કચેરી,
  ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ
  માધ્યમિક બોર્ડ.
  સેક્ટર નં ૧૦બી, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય પરીક્ષાબોર્ડ,
  સેક્ટર ૨૧, ગાંધીનગર

વિષય :- **ઉર્દૂ એજ્યુકેશન બોર્ડ દ્વારા આપવામાં આવેલ SSC પ્રમાણપત્રો અને થયેલ SSC લેવલની પરીક્ષાઓને Fake /રદપાત્ર ગણવા બાબત**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગે ભારત સરકારના રાષ્ટ્રીય આયોગ, લઘુમતિ શિક્ષણ સંસ્થાઓ National Commission for Minority Educational Institutions (NCMEI)ની જાહેર નોટીસ તથા તે સાથેનો ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય હસ્તકના સ્કૂલ એજ્યુકેશન અને લીટરસી વિભાગના તા.૦૫/૦૬/૨૦૧૭ના પત્ર ક્ર: F No: ૧૬-૨૨૭/૨૦૧૬ એસ.સી.એચ-03 ની નકલ આ સાથે મોકલી આપતાં જણાવવાનું કે, ઘણા સમયથી ઉર્દૂ એજ્યુકેશન બોર્ડ દ્વારા જુદી જુદી શાળાઓમાં પરીક્ષાઓ લઇને સેકન્ડરી સ્કૂલ સર્ટીફીકેટ (SSC પ્રમાણપત્ર) ઇસ્યુ કરવામાં આવી રહેલ હોવાની બાબત ભારતસરકારના ધ્યાને આવેલ છે. આથી NCMEI દ્વારા ઉર્દૂ એજ્યુકેશન બોર્ડને લઘુમતી શિક્ષણ બોર્ડ તરીકે ન ગણતાં એક લઘુમતી સંસ્થા તરીકે ગણેલ હોઇ, આથી આવી કોઇ સંસ્થા દ્વારા Secondary અને senior secondary levels ની પરીક્ષાઓ લેવામાં આવી હોય કે આ પરીક્ષા સંબંધી સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવેલ હોય તો તેને નકલી (Fake) પ્રમાણપત્ર ગણી રદપાત્ર ગણવાના રહેશે તેમ જણાવેલ છે.

આથી, ઉક્ત વિગતો ધ્યાને લઇ આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(મહેશ ભટ્ટ)
સેક્શન અધિકારી 7.9.18
શિક્ષણ વિભાગ

બિડાણ: ઉપર મુજબ

નકલ રવાના -

- ઉ.સ.શ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
- ઉ.સ.શ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ
- ઉપસચિવશ્રી (છ-શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય , ગાંધીનગર